# 17 મેળો આપો તો

હરીન્દ્ર દવે

(જન્મ : 19-09-1930; અવસાન : 23-03-1995)

કવિ અને પત્રકાર એવા શ્રી હરીન્દ્ર જયંતીલાલ દવેનો જન્મ કચ્છમાં આવેલા ખંભરા ગામમાં થયો હતો. ‘આસવ’, ‘મૌન’ , ‘અર્પણ’, ‘સમય’, ‘સૂર્યોપનિષદ’, ‘મનન’, ‘હયાતી’, ‘તમે યાદ આવ્યાં’ ‘મારગે મળ્યા’તા શ્યામ’ એમના કાવ્યસંગ્રહો છે. ‘ચાલ, વરસાદની મોસમ છે...’ અને ‘તમે યાદ આવ્યાં...’ એમની સમગ્ર કવિતાના સંચયો છે. એમનાં કાવ્યો - ગીતોમાં પ્રભુપ્રેમ, પ્રણય, વેદના-વ્યથા તેમજ ખુમારી જેવા ભાવો, ઋજુ-મધુર વાણીમાં, આગના લય - ભાવના માધુર્ય સાથે વ્યક્ત થયા છે. ‘પળનાં પ્રતિબિંબ’, ‘અનાગત’, ‘માધવ ક્યાંય નથી’, ‘મુખવટો’, ‘ગાંધીની કાવડ’ એમની જાણીતી નવલકથાઓ છે. સામ્પ્રત જીવનનાં સમસ્યાઓ ને કૂટપ્રશ્નોનું કલાત્મક આલેખન એમાં જોવા મળે છે. ‘યુગે યુગે’ એમનું દીર્ઘનાટક છે. ‘કૃષ્ણ અને માનવસંબંધો’માં એમણે કૃષ્ણ નિમિત્તે માનવજીવન અંગે ચિંતન પ્રગટ કર્યું છે. ‘શબ્દ ભીતર સુધી’ એમનો હળવા નિબંધોનો સંગ્રહ છે. સંપાદન તેમજ અનુવાદ ક્ષેત્રે પણ તેમણે નોંધપાત્ર કામ કર્યું છે.

સાહિત્યસેવા માટે એમને રણજિતરામ સુવર્ણચંદ્રક અર્પણ થયો હતો. ગઝલ સંગ્રહ ‘હયાતી’ માટે દિલ્લી સાહિત્ય અકાદમીનું પારિતોષિક મળ્યું હતું. કબીર સન્માન દ્વારા એમની સાહિત્યિક પ્રતિભાને પુરસ્કારવામાં આવી હતી.

જીવનના સામાન્ય સ્થિતિ - સંયોગો તો એવા હોય છે કે જેમાં એકલો મનુષ્ય એકલતા અનુભવે ત્યારે ટોળું - સમૂહ મેળા જેવો આનંદ માણે. હરીન્દ્ર જેવા સમર્થ કવિને લોક-જીવન વ્યવહારની આ વાત મંજૂર નથી. સંત કે કવિની જેમ કેટલાકને એકલતા ભરી ભરી લાગે છે, કેટલાકને ટોળું પીડા આપે છે. આ અનુભવ સાપેક્ષ છે. તે જીવનરસથી સભર છે. તે કોઈપણ પરિસ્થિતિમાં આનંદમગ્ન હોય છે અને એવો માનવી જ ક્યારેક ખરે ટાણે - ખરા અર્થમાં માનવી છે. જેમનો સંગ- સતસંગ સર્વ સમાવેશક બનતો હોય. વ્યવહાર જગતનાં વિવિધ હાથવગાં રૂપકો દ્વારા ઉદાત્ત દિલેર મનુષ્યની ખૂબીને માણવા - મમળાવવાનું ઊંચેરું ઈજન આપી હરીન્દ્ર એક નવો રાહ ચીંધે છે.

---

મેળો આપો તો એક માનવીની સંગ
અને એકલતા આપો તો ટોળે,
જીવતર આપો તો એવું આપો કે
શ્વાસ એના કેફના કસુંબાને ઘોળે !
તરતાં ન આવડે લગાર અને તગતગતા
તડકાનો દરિયો લલકારે.
થાકેલી આંખો અંજાતી નથી, તોય
થોડાં મૃગજળ ચળકે છે મઝધારે.
ટીપેથી પાય તો ધરાઉં, સાવ તરસ્યો હું
રહી ગયો છલકાતી છોળે.
સૂની બપોરની આ એકલતા એકલતા
એકલતા બોલી અકળાવો,
ઊગતી સવારના આ ડ્હોળાતા રંગમાં
જો થોડી આ સાંજ ઘૂંટી લાવો.
કોઈએ ના હોઠે અડકાડ્યું એ અમરતને
કોણ હવે આકાશે ઢોળે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## શબ્દસમજૂતી

**સંગ** સોબત, સહવાસ **કેફ** નશો **કસૂંબો** પાણીમાં ઘોળેલું અફીણ **મઝધાર** પ્રવાહની મધ્યધારા **છોળ** મોજું, તરંગ.

## રૂઢિપ્રયોગ

**કેફના કસુંબાને ઘોળવા** આનંદમાં રહેવું, તલ્લીન રહેવું

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક - એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) પ્રવાહની મધ્યે કવિને શેનો ભાસ થાય છે ?

(2) કવિ કેવું જીવન ઈચ્છે છે ?

(3) સવાર - સાંજ વચ્ચે કવિ શું સામ્ય જુએ છે ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

(1) 'ટોળા વચ્ચે એકલતા' - સમજ સ્પષ્ટ કરો.

(2) કવિ શી અકળામણ અનુભવે છે ?

**3. વિસ્તૃત ઉત્તર લખો.**

(1) 'મેળો આપો તો' કાવ્યમાં કવિના મનોભાવો આલેખો.

(2) કવિ કોનો સંગાથ ઈચ્છે છે ? સંગાથ વચ્ચે પણ કવિને એકલતા શી રીતે કોરી ખાય છે ?

(3) નોંધ લખો :

1. 'મેળામાં કવિની અનુભૂતિની કલ્પના'
2. કવિની ઘૂંટાતી વિહ્વળતા.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

1. તમને ગમતાં ગીતોનું પઠન અને ગાન કરતાં રહેવું.

## ભાષા-અભિવ્યક્તિ

પાઠ્યપુસ્તકના પ્રથમ કાવ્યમાં તમને નામ અને ગુણ વિશેના વિરોધાભાસનો ખ્યાલ આવ્યો હશે. આ કાવ્યમાં પણ એવા જ પ્રકારના વિરોધાભાસનો સહારો લઈને કવિ શબ્દથી વિરોધ રચે છે. આપણને ખ્યાલ છે તેમ મેળો અને એકલતા બન્ને વિરોધી હોવા છતાં કવિએ આ બન્ને શબ્દોનું સાયુજ્ય રચ્યું છે. આવું જ આખા કાવ્યમાં છે - નિરીક્ષણ કરો.

કાવ્યનું શીર્ષક જુઓ 'મેળો આપો તો' માં વિનંતીનો સૂર છે. સાથે સાથે શરત પણ છે. આ વિનંતી કોને કરાઈ છે તેનો ખ્યાલ મેળવો.

**સૂની બપોરની આ એકલતા એકલતા**
**એકલતા બોલી અકળાવો**

પંક્તિમાં 'એકારાંત' શબ્દોનું આવર્તન ભાવને ઘૂંટીને સઘન બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

## શિક્ષક પ્રવૃત્તિ

હરીન્દ્ર દવેનાં અન્ય ગીતો મેળવીને વિદ્યાર્થીઓ સામે મૂકવાં.

1. માધવ ક્યાંય નથી મધુવનમાં...
2. તમે યાદ આવ્યાં...
3. કાનુડાને બાંધ્યો છે હીરના દોરે... વગેરે

•



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in